# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## -: જાહેર નિવિદા:-

ગુજરાત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીઓની આંગણવાડી
કાર્યકર/ તેડાગરની માનદ સેવા ભરતીની પ્રકિયા સરળ, ઝડપી અને પારદર્શીય રીતે થાય
તે માટે તા:૨૨/૦૭/૨૦૨૦ ના રોજ સબંધીત ભરતીઓ માટેના ઓનલાઇન પોર્ટલ
https://e-hrms.gujarat.gov.in નું માન. મંત્રીશ્રી (મ.બા.ક) અને માન.રા.ક.ના મંત્રીશ્રી (મ.
બા.ક.) ના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવેલ છે. વડોદરા મહાનગરપાલિકા સંચાલિત
આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટ હેઠળની આંગણવાડીઓમાં આંગણવાડી કાર્યકર/ તેડાગરની
ખાલી પડેલ/ પડનાર જગ્યાઓ માટે ગુજરાત સરકારશ્રી, મહિલા અને બાળ વિકાસ
વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૦૨૦૧૯-૧૬૫૨-બ (પાર્ટ-૨), તા: ૨૫/૧૧/૨૦૧૯ ની
સુચના અને નિયમો મુજબ જેતે આંગણવાડીના વડોદરા મહાનગરપાલિકાના ચૂંટણી
વિસ્તારમાં ઓછામાં ઓછા એક વર્ષના સ્થાનિક નિવાસી મહિલા ઉમેદવારો (જેમની ઉંમર
અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઇએ અને 33 વર્ષથી વધુ ન હોવી
જોઇએ) પાસેથી ત્રિમાસિક ધોરણે સરકારશ્રીની સુચના મુજબ https://e-hrms.gujarat.gov.in
વેબસાઇટ મારફતે જ ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવશે. તેમજ મંજુર/ નામંજુર
ઉમેદવારોની યાદી, વાંધા અરજીઓ, નિમણુંક હુકમ વગેરે પણ આજ વેબસાઇટ દ્વારા
સરકારશ્રીની સુચના મુજબ જોવા/ કરવાની રહેશે.

| જગ્યાનું નામ | લઘુતમ શૈક્ષણીક લાયકાત | માનદ વેતન |
|---|---|---|
| આંગણવાડી કાર્યકર | ધોરણ-૧૨ પાસ અથવા ધોરણ-૧૦ પાસ અને AICTE માન્યતા પ્રાપ્ત કોઇપણ ઓછામાં ઓછા ૦૨ વર્ષનો ડિપ્લોમાં કોર્ષ પાસ કરેલ હોવો જોઇએ. | રૂ. ૭,૮૦૦/- (સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી થયા મુજબ રહેશે) |
| આંગણવાડી તેડાગર | ધોરણ-૧૦ પાસ | રૂ. ૩,૯૫૦/- (સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી થયા મુજબ રહેશે) |

અગત્યની સુચનાઓ:

૦૧) આંગણવાડી કાર્યકર/તેડાગરની ભરતી પ્રકિયા ગુજરાત સરકારશ્રી, મહિલા અને બાળ
વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૦૨૦૧૯-૧૬૫૨-બ (પાર્ટ-૨), તા:૨૫/૧૧/૨૦૧૯
આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત
બાબતના નિયમોને આધીન રહેશે. જે https://wcd.gujarat.gov.in ઉપર અને https://e-hrms.gujarat.gov.in ઉપર જોઇ/ ડાઉનલોડ કરી શકાશ. જેનો તમામ મહિલા ઉમેદવારોએ
અરજી કરતા પહેલા અભ્યાસ કરવો જરૂરી છે.

૦૨) આંગણવાડી કાર્યકર/તેડાગરની આગામી તમામ ભરતીઓ માટે મહિલા ઉમેદવારોને
ભરતી માટેની વેબસાઇટ https://e-hrms.gujarat.gov.in ની મુલાકાત લેવાની રહેશે, અને
અન્ય માહિતી સુચનાઓ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગની વેબસાઇટ
https://wcd.gujarat.gov.in અથવા વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ
www.vmc.gov.in અથવા આ કચેરીના ફેસબુક પેજ
www.facebook.com/ICDSUrbanProjectVMC ની મુલાકાત લઇ શકાશે, તેમજ ભરતી
બાબત જરૂરી માર્ગદર્શન માટે આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટની કચેરીનો ૦૨૬૫-૨૩૨૮૧૭૮ ઉપર સંપર્ક કરી શકાશે

૦૩) સરકારશ્રીની સુચના મુજબ તા:૧૦/૦૯/૨૦૨૦ થી વડોદરા શહેરની આંગણવાડીઓની
ભરતીની કાર્યવાહી ભરતીની અલાયદા વેબસાઇટ https://e-hrms.gujarat.gov.in મારફતે
શરૂ થશે, જેમાં ૨૧ દિવસ સુધી ઓનલાઇન અરજીઓ સ્વીકારવામા આવશે. અને ત્યારબાદ
નિયમીત ત્રિમાસિક ધોરણે આજ રીતે ખાલી પડેલ/ પડનાર જગ્યાઓ માટે સબબ વેબસાઇટ
મારફતે જ અરજીઓ સ્વીકારવામા આવશે.

પી.આર.ઓ નં 485 / ૨૦૨૦-૨૧

પ્રોગ્રામ ઓફિસર (શહેરી)